# તમે કેટલાં હેલ્પફુલ છો...?




એવું કહેવાય છે ને કે તમે કોઈની મદદ કરશો તો ઉપરવાળો તમારી મદદ કરશે. કોઈની હેલ્પ કરવી સારું અને પુણ્યનું કાર્ય ગણાય. તેનું ફળ સારું જ મળતું હોય છે. જો કે હવે જમાનો બદલાયો છે, લોકો ભલમનસાઈનો ફાયદો ઉઠાવતા હોય છે એવું ઘણા લોકો માનવા લાગ્યા છે. ધારો કે રાત્રીના 11 વાગ્યાની આસપાસ રસ્તા પર થોડો ઘણો સન્નાટો પથરાયો હોય અને તમે એકલદોકલ વાહનોની વચ્ચે તમારી બાઇક કે તમારી કાર લઈને પસાર થઈ રહ્યા છો, આગળ તમને કોઈ સ્ત્રી કે કોઈ અજાણી વ્યક્તિ હાથ હલાવી લિફ્ટ માંગી રહી હોય ત્યારે તમે તમારી ગાડી થોભાવી એ અજાણી સ્ત્રી કે અજાણ્યા પુરુષને લિફ્ટ આપશો ખરાં? આપણે અવારનવાર છાપામાં સમાચાર કે પછી સોશ્યલ મીડિયા પર વાયરલ થતી રીલ્સ જોતા હોઈએ છીએ કે કઈ રીતે ઠગ વ્યક્તિ કોઈને સ્વીટ્સમાં બેભાન થવાની દવા પીવડાવી કે પછી મોઢે રૂમાલ ચિપકાવી કે ઘરમાં મદદના નામે પ્રવેશી લૂંટફાટ મચાવતા હોય છે. આવા કિસ્સાઓને કારણે હવે ખરેખર કોઈ મુશ્કેલ પરિસ્થિતિમાં છે કે નહીં તે કળવું અઘરું છે. જો તમે ટોળામાં છો અને કોઈ મદદ માટે પોકાર લગાવે તો બધા જ મદદ માટે દોડી જશે પણ જો તમે એકલા હશો તો મદદ માટે દોડી જશો ખરાં? તમે કોઈને મદદ કર્યા બાદ પસ્તાયા છો? પૈસાની મદદ કરી અને તમને એ પૈસા પાછા મળ્યા ખરા, તમે કેટલા હેલ્પફુલ છો, તમને એવું ક્યારેય ફીલ થયું છે કે નેક કામ કરવા છતાં કદર નહીં થઈ. આ બધા જ સવાલોના જવાબ આપણે શહેરના કેટલાક લોકો પાસેથી જાણીએ....

## રાતના સમયે કોઈને મારી બાઇક પર લિફ્ટ ના આપું, પૈસાની મદદ બહુ વિચારીને કરું: ગૌરાંગ મહેતા



રાતના 11 વાગે કોઈ છોકરી તો શું કોઈ પુરુષને પણ મારી બાઇક પર લિફ્ટ ના આપું. આજનો જમાનો ભરોસાને લાયક ક્યાં રહ્યો છે!'' આ વાક્યો છે સોનીફળિયા વિસ્તારમાં રહેતાં 42 વર્ષીય ગૌરાંગ મહેતાના જેઓ પ્રાઇવેટ જોબ કરે છે. ગૌરાંગભાઈએ જણાવ્યું કે, ''એક વાર હું રાતના 11 વાગ્યાના સમયે મારી મોટરસાઈકલ પર અઠવાગેટથી ઘર તરફ જઈ રહ્યો હતો. તે સમયે એક છોકરીએ મને હાથ કરી ઊભા રહેવા કહ્યું. હું ઊભો રહ્યો તો તેણે કહ્યું મને થોડે આગળ ઉતારી દેજો ને. મેં તો તરત જવાબ આપ્યો મારે આ ગલીમાંથી જવાનું છે Sorry હું તમને લિફ્ટ નથી આપી શકતો કહીને આગળ વધી ગયો. રાતના લિફ્ટ આપતા ડર લાગે. એક વાર હું કેટલાક મિત્રો સાથે ચાની લારી પાસે ચા પી રહ્યો હતો ત્યારે એક 50-55 વર્ષનાં બેન મારી પાસે આવીને કહેવા લાગ્યાં મારે રાજસ્થાન મારા વતન જવું છે પણ ટિકિટના પૈસા નથી તો તમે મને થોડા પૈસાની મદદ કરો. મેં તે બેનને કીધું હું ટિકિટની વ્યવસ્થા કરી આપીશ પણ કેશ નહીં આપું તો તે બેન મને રોકડા રૂપિયાની મદદ જોઈએ કહીને આગળ નીકળી ગયાં. ત્યારથી હું તો લોકોને કેશની મદદ પણ બહુ નથી કરતો. બહુ ક્લોઝ રિલેટિવ્ઝ કે ફ્રેન્ડ હોય તો 2-5 હજાર રૂપિયાની મદદ કરી શકું પણ એનાથી વધારે નહીં કેમ કે મોટી રકમ પાછી આવશે તેની કોઈ ગેરેન્ટી નથી હોતી. હા, કોઈને મેડિકલ ઇમરજન્સી હોય ત્યારે એમને દવાખાને જાતે લઈ જાઉં એવી હેલ્પ માટે હું તત્પર રહું છું. મારી વાઈફ મને કોઈની મદદ કરતા રોકે નહીં પણ જો જેને મેં પૈસાની મદદ કરી હોય પણ પછી તે મને પૈસા રિટર્ન નહીં કરે તો માથાકૂટ થઈ ગઈ હોય અને વાઇફને ખબર પડે ત્યારે એ કહેતી હોય પૈસાનો વ્યવહાર નહીં કરવો જોઈએ કેમ કે તે સંબંધોને બગાડે છે.''

## હેલ્પ કરું છું પણ સાવચેતી રાખીને, પૈસા નહીં પણ ખાવાની વસ્તુ, કપડાંની મદદ કરું: વિવેક વાછાણી





અત્યાર સુધી રાત્રીના સમયમાં મારી પાસે કોઈ અજાણી વ્યક્તિએ લિફ્ટ માંગી હોય તેવું બન્યું નથી પણ હા, જો એવું બને તો હું સિચ્યુએશન જોઈને હેલ્પ કરું. જરૂરિયાતવાળી વ્યક્તિને હું હેલ્પ કરું પણ સાવચેતી રાખીને કેમ કે, હવે હેલ્પ કરવામાં ફસાય જવાય એવા કિસ્સા અવારનવાર બનતા હોય છે એટલે પહેલાં સાવચેતી રાખવાની'' આ શબ્દો છે ચીખલીમાં રહેતાં 28 વર્ષીય વિવેક વાછાણીના જેઓ બિઝનેસમેન છે. તેમણે જણાવ્યું કે, ''જો કોઈ અજાણી વ્યક્તિ દવા માટે પૈસાની હેલ્પ માંગે તો હેલ્પ કરવામાં કોઈ જાતનો વાંધો નહીં હોય. જો કે હું કેશ નહીં આપું પણ દવા લઈ આપીશ. જો ઓળખીતી વ્યક્તિ 15-20 હજાર રૂપિયાની હેલ્પ માંગે તો હું મારી કેપેસિટી પ્રમાણે હેલ્પ કરીશ પણ પહેલાં રિઝન જાણીશ કે શા માટે પૈસાની જરૂરિયાત પડી. જો મારી પાસે પૂરતા પૈસા નહીં હોય તો બીજાને રીફર કરી બીજા પણ તેમને હેલ્પ કરે તેવા પ્રયત્નો કરીશ પણ રિઝન જેન્યુન હોવું જોઈએ. જો કોઈ વર્કર વ્યક્તિ તેનાં બાળકોની સ્કૂલ ફી માટે પૈસા માંગે તો હું આપતો પણ ક્યારેક એવું પણ બનતું કે આપેલા પૈસા પાછા પણ નહીં મળ્યા. કોઈને દવાખાને લઈ જવા હોય તો હું મારી કારમાં પણ લઈ ગયો છું. જો કોઈ નાનું બાળક ભૂખ લાગી છે, પૈસા આપો એવું મારી સમક્ષ કહે તો હું તે બાળકને પૈસા નહીં આપું પણ તેને જમાડીશ, તેને કપડાં કે બીજી જરૂરિયાતની વસ્તુ લઈ આપીશ. નાનાં બાળકો પૈસા લીધા બાદ તે પૈસાનું શું કરતા હોય તેની આપણને ખબર ના હોય એટલે હું કેશ નહીં આપું પણ વસ્તુઓ લઈ આપું. હું ગરીબ લાગતી વ્યક્તિને અવારનવાર કપડાં અને ફૂડની મદદ કરું છું.

## મારો નેચર હેલ્પફુલ છે, ખોટી વ્યક્તિને મદદ થઇ જાય તો પસ્તાવો થાય: ક્રિષ્ણા મોદી



મારો તો નેચર જ હેલ્પફુલ છે. કોઈ મદદ માંગે તો મારાથી એનાં કામ તરત થઈ પણ જાય છે. જો મદદ કર્યા બાદ કેટલીક વાર ખોટી વ્યક્તિને હેલ્પ થઈ ગઈ એવું લાગે તો પસ્તાવો પણ થાય છે.'' આ શબ્દો છે ભાગળ-નાણાવટ વિસ્તારમાં રહેતાં 31 વર્ષીય ક્રિષ્ણા મોદીના કે જેઓ એક સ્કૂલમાં ટીચર છે. તેમણે જણાવ્યું કે, ''એક વાર મેં મારી એક સારી ફ્રેન્ડને મદદ કરી હતી પણ એક કિસ્સામાં મારી આ ફ્રેન્ડને મિસ અન્ડરસ્ટેન્ડિંગ થઈ હતી તો તેણે હું પોલિટિક્સ રમું છું તેવો આરોપ લગાવ્યો હતો. ત્યારે મને બહુ દુઃખ થયું હતું કે મેં એને મદદ કરી એ વાત ભૂલી ગઈ અને મિસ અન્ડરસ્ટેન્ડિંગ થઈ તો પોલિટિક્સ રમતી હોવાનો આરોપ લગાવ્યો. જો કોઈ બાળક ભૂખ લાગી છે પૈસા આપો કહે તો હું પૈસા નહીં આપું પણ હા, ખાવાની વસ્તુ લઈને આપું. જો કોઈ લિફ્ટ માંગે તો રિયાલિટી જાણું કે ખરેખર મદદની એ અજાણી વ્યક્તિને જરૂર છે? જો ખરેખર મદદની જરૂર હોય તો વગર ખચકાટે હેલ્પ કરું પણ ડાઉટ જાય તો હેલ્પ નહીં કરું. એક વાર મારા હસબન્ડે એક ઓળખીતાને બિઝનેસ શરૂ કરવા 25 હજાર રૂપિયા આપ્યા હતા પણ એ ભાઈનો બિઝનેસ ચાલ્યો નહીં અને અમારા પૈસા રિટર્ન નહીં આવ્યા. એની સિચ્યુએશન સારી નથી તો અમે એ પૈસા પાછા આવવાની આશા છોડી દીધી છે. હા, મારા ફેમિલી સાથે એવું પણ થયું છે કે અમને મદદની જરૂર હતી ત્યારે કશેથી પણ મદદ નહીં મળે એવું લાગ્યું હતું પણ અમને ખરે ટાણે મદદ મળી. અમે ત્યારે એવું જ માન્યું હતું કે અમે લોકોને જે વાસ્તવિક મદદ કરી હતી તેનું ફળ અમને મળ્યું છે.''

## વહેલી સવારે જે ઘરડાં બાને મદદ કરી એમણે જ મને કહ્યું આ રીતે વહેલી સવારે મદદ કરવાનું રિસ્ક નહીં લેવાનું : ભાવિની નવસારીવાળા



2009ની વાત છે. હું M.Com.માં હતી ત્યારે રોજ સવારે 6 વાગે મારી સ્કુટી પર ટ્યુશન જતી. એક દિવસ એક ઘરડાં બાએ મારી પાસે લિફ્ટ માંગી મને કહ્યું બેટા મારે મંદિર જવાનું છે, પગે ચલાતું નથી. દીકરા ત્યાં સુધી લઈ જા ને. મેં એમને મારા સ્કુટી પર બેસાડ્યા પણ પછી એ ઘરડાં બા બોલવા લાગ્યાં, દીકરા, આ રીતે કોઈને સ્કુટી પર નહીં બેસાડવા જોઈએ. તે મને કેમ લિફ્ટ આપી? ત્યારે મને થયું કે હવે તો કોઈને લિફ્ટ આપતી વખતે વિચાર કરવો જ પડશે.'' આ શબ્દો છે પર્વતપાટિયા વિસ્તારમાં રહેતાં 36 વર્ષીય ભાવિની નવસારીવાળાના. તેઓ પહેલાં ટીચર તરીકે જોબ કરતાં હતાં હાલ હાઉસવાઈફ છે. તેઓ કેટલા હેલ્પફૂલ છે તે બાબતે વાતચીતમાં તેમણે જણાવ્યું કે, ''જો હું એક્ટિવા પર જતી હોઉં અને કોઈ દુર્બળ ઘરડી સ્ત્રી કે કોઈ નાની બાળકી હોય તો હું તેમને લિફ્ટ આપું, બીજા કોઈને નહીં. હું મારા નજીકના કોઈ રિલેટિવ્ઝ હોય કે પછી કોઈ ફ્રેન્ડ્સ હોય અને એમને પૈસાની જરૂરિયાત હોય તો હું 5-7 હજારની મદદ કરું પણ 25 કે 50 હજાર રૂ. ની મદદ માંગે તો પછી મારે વિચાર કરવો પડે. હું સ્કૂલ-કોલેજમાં હતી ત્યારે કોઈ આર્થિક રીતે કમજોર વર્ગના સ્ટુડન્ટ્સને થોડા પૈસાની, નોટબુક્સ લાવી આપવી એવી મદદ ઉપરાંત મારી તૈયાર નોટબુક્સ સ્ટડી માટે પણ આપતી. મારાં પેરેન્ટ્સ અને દાદી મને ટકોર કરતા કે તમે પૈસાની મદદ કરો છો પણ કેટલાક તમારા આ હેલ્પફુલ સ્વાભાવનો ગેરલાભ ઉઠાવે છે. અત્યારે પણ મેં મારો આ સ્વભાવ જાળવી રાખ્યો છે.

## બે વખત રોકડા પૈસાની હેલ્પ કરેલી પણ પૈસા પાછા નહીં મળ્યા: માયરા સુરતવાળા



મદદ કરવાની પણ બેવકૂફ બનીએ એવી મદદ નહીં કરવાની. આજકાલ કોઈના પર ટ્રસ્ટ કરવો બહુ મુશ્કેલ છે. મારા મેરેજ નહોતા થયા અને હું પંજાબમાં હતી ત્યારે મેં પૈસા રિટર્ન કરી શકે એવી પોઝિશન ધરાવતી બે વ્યક્તિઓને રોકડા પૈસાની મદદ કરી હતી પણ તે પૈસા મને પાછા નહોતા મળ્યા. બસ ત્યારથી હું પૈસાની મદદ કરવા બાબતે પાછળ રહું છું. એના બદલે જરૂરિયાતની વસ્તુ ખરીદીને આપું છું.'' આ શબ્દો છે નરથાણ વિસ્તારમાં રહેતાં 29 વર્ષીય માયરા સુરતવાળાના જેઓ વ્યવસાયે એડવોકેટ છે. તેઓ કેટલા હેલ્પફુલ છે તે વિશે વાતો કરતા જણાવ્યું કે, ''હું જો મારું વેહિકલ લઈને જતી હોઉં અને રાતના સમયે કોઈ અજાણ્યું મદદ માંગે તો પહેલા તે વ્યક્તિના ફેસના એક્સપ્રેશન નહીં જોઈશ પણ બોડી લેન્ગવેજ પરથી ખબર પડી જતી હોય કે તેને મદદની ખરેખર જરૂર છે કે નહીં. હું લોકેશન ઓન કરીશ અને ઘરના લોકોને ઇન્ફોર્મ કરીશ હું ક્યાં છું અને જેમને મદદ કરું છું તેમને ક્યાં ડ્રોપ કરવાની છું. કોઈ મારી પાસે દવા માટે પૈસા માંગે તો હું જાતે આસપાસના મેડિકલ સ્ટોરમાંથી દવા લાવી આપીશ પણ રોકડા પૈસાની મદદ નહીં કરું. મારું પિયર પંજાબમાં છે. થોડા સમય પહેલાં જ મારાં મમ્મીના ઘરે એક આધેડ વયની બહેન દરવાજા પર આવી દવા લેવી છે તો પાણી આપશો અને પછી એ બેન મોબાઈલ ફોન પર કોઈની સાથે વાત કરવા લાગ્યાં. મારાં મમ્મીને ડાઉટ જતાં ઘરમાં ઠંડું પાણી નથી કહી પડોશીને ફોન કરી પાણીની બોટલ લઈને આવવા કહ્યું હતું. 'મારું બાળક ભૂખ્યું છે પૈસા આપો' કહીને પૈસા લઈ જાય અને પછી તે પૈસામાંથી બીડી, સિગારેટ ખરીદતા હોય એવા કિસ્સા મારી સાથે થયા છે એટલે જ મને હવે કોઈને કેશની મદદ કરવી એટલે બેફકૂફ તો નથી બની રહ્યા એવું લાગે એટલે આવી મદદમાં હું પીછેહઠ કરું છું. હેલ્પ કરવી બહુ સારી વાત છે. તેનાથી સેલ્ફ સેટીસ્ફેક્શન મળે છે. તમારી પાસે ચાર રોટલી છે અને તમારી નજર સમક્ષ કોઈ ભૂખ્યું આવે તો ચારમાંથી બે રોટલી આપી જ શકાય. એની ભૂખ ભાંગશે તો આપણે હેપ્પી જ થવાના ને! હું એડવોકેટ છું એટલે હું બહેનોને લીગલ એડવાઇઝ ફ્રીમાં આપું છું. તેમના અધિકારો વિશે માહિતગાર કરું છું.''



## પોતાની લેબોરેટરી હતી એટલે નિડી લોકોના ફ્રીમાં રિપોર્ટ કાઢ્યા હતા: અંજના નાયક



હું ટુ વ્હીલર ચલાવું છું. જો કોઈ વખત રાતના સમયે કોઈ બીમાર વ્યક્તિ, કોઈ વૃદ્ધ, કોઈ સ્ત્રી કે કોઈ ટીનએજ બાળક લિફ્ટ માંગે તો હું તેમને ચોક્કસ લિફ્ટ આપું પણ પુરુષોને નહીં. હેલ્પ કરવાની પણ પહેલાં સેફ્ટી જોવાની'' આ શબ્દો છે નવસારીમાં રહેતાં 62 વર્ષીય અંજનાબેન નાયકના. તેઓની પોતાની લેબોરેટરી હતી જો કે હવે તેઓ નિવૃત્ત જીવનનો આનંદ લે છે. તેમણે જણાવ્યું કે, ''હું લેબોરેટરી ચલાવતી હતી ત્યારે એવું બનતું કે એવા લોકો પણ ટેસ્ટ કરાવવા આવતા જેમની પાસે પૂરતા પૈસા નહીં હોય. તો મેં તેમને ફ્રીમાં રિપોર્ટ પણ કાઢી આપ્યા છે. મને યાદ છે એક વાર એક મજૂર દંપતી તેમના બાળકના બ્લડ ટેસ્ટ માટે આવ્યાં હતાં. બાળક એટલું કુપોષિત કે એની વેઇન પણ પકડવી મારા માટે મુશ્કેલ હતું. મેં બ્લડ ટેસ્ટ તો ફ્રીમાં કર્યા સાથે એમને બાળક માટે ફ્રૂટ્સ, દૂધ અને બીજા પૌષ્ટિક આહાર માટે પૈસા આપ્યા હતા. મેં મારા ઓળખીતા લોકોને પૈસાની હેલ્પ પણ કરી છે. એમાં એવું પણ બન્યું છે કે પૈસા પાછા પણ નથી આવ્યા. એક ઓળખીતાને તો ઘણી મદદ કરી હતી પણ વગર વાંકે તે મારા જ વિરોધમાં થઈ ગયા હતા. મારો દીકરો એન્જિનિયર છે તેની સાઇટ પર કામ કરતા મજૂરોને અમે વર્ષે બે વખત એમને ભાવતા ભોજન જમાડીએ. આ અમારો વર્ષોનો ક્રમ રહ્યો છે. જો કોઈ દવા માટે પૈસા માંગે તો હું તેને મારી સાથે મેડિકલ સ્ટોર પર લઈ જઈને દવા લઈ આપું પણ રોકડા પૈસા નહીં આપું.''



અત્યારના લોકોનું એવું કહેવું છે કે અમે હેલ્પફુલ છીએ પણ અત્યારે એવી એવી દિલને હચમચાવી દે તેવી ઘટનાઓ બનતી હોય છે એને કારણે હેલ્પ કોઈ માંગે તો પહેલાં પોતાની સેફટીનો વિચાર આવે છે. મદદ તો કરીએ પણ લોકો જે મદદ કરી હોય તે યાદ નહીં રાખે પણ જરા સરખી ભૂલ થઈ હોય તો તે તરત યાદ અપાવી દે અને તેને હંમેશાં યાદ રાખતા હોય છે. જો કોઈને રોકડા પૈસાની મદદ કરીએ તો નેકી કર દરિયામેં ડાલ તે હંમેશાં યાદ રાખવાનું કેમ કે રોકડા રૂપિયા પરત કરવાનું ઘણાને મન નથી થતું. જો કે એક હકીકત એ પણ છે કે હવેના સમયમાં લોકોનાં મન સાંકડાં થઈ ગયાં છે. એવામાં મદદ કરવાની ભાવના ઓછી થઈ ગઈ છે. લોકો એવું પણ માને છે કે પોતાના ભવિષ્ય માટે પૈસા ના બચાવીએ, આપણે મદદ કરવી જરૂરી છે. બીજા કોઈ કરશે મદદ આવા વિચારોના લોકો પણ છે.